# Kids કોર્નર

You are here on your corner એટલે કે આ ખૂણો સ્પેશ્યલી તમારા માટે છે. If you have your poem, your story or a game for print અથવા તમે કોઈ એવી સિધ્ધિ મેળવી હોય જે Share કરવા જેવી હોય તો તરત With photograph and biodata અહીં મોકલી આપો. આ ખૂણો બિલકુલ તમારો છે. બીજા kidsને interesting લાગે એવું હોય તેને અહીં જગ્યા મળશે. તમારું મેટર નીચેના e-mail એડ્રેસ પર સેન્ડ (send) કરો.
e-mail : kidscorner@gujaratmitra.in



# ચકલી, પોપટ અને કાગડો

## વારતા રે વારતા

**પોપટે કાગડાભાઈને ખોટું કીધું. એવું કીધું કે જોવોને પોપટભાઈ આ કાગડો કેવો ગંદો રહે છે પોતાના માળામાં અને માળો એના કરતાં પણ ગંદો છે. કોણ જાણે એ કેવી રીતે રહેતો હશે. મને તો આવું જરાય ના ગમે. મને તો મારો માળો વ્યવસ્થાવાળો જોઈએ અને સુંદર જોઈએ આવા માળામાં તો કંઈ રહેવાતું હશે ? કાગડો તો આ સાંભળીને ગુસ્સે થઇ ગયો**

એક જંગલ હતું. જંગલ ખૂબ જ મોટું હતું. એમાં એક ચકલી રહેતી હતી. એને ચાર બચ્ચાં હતાં. ચકલીના માળાની સામે એક પોપટનો માળો હતો. એ પોપટ ખૂબ જ ઈર્ષાળુ હતો. એને કોઈનું સારું થાય એ જરાય ના ગમે અને એ પોપટના માળાની પાછળ કાગડાનો માળો હતો. કાગડો ખૂબ જ ભોળા સ્વભાવનો હતો. એને કોઈ ગમે તે કહી દે તે જલ્દી માની જાય.

ચકલીનો માળો ખૂબ જ સુંદર હતો અને એ જોઇને પોપટને ખૂબ જ ઈર્ષા થતી હતી અને હવે તો ચકલીને ચાર બચ્ચાં હતાં એટલે અવાજના કારણે એ ખૂબ જ પરેશાન રહેતો. પોપટને હવે તો ચકલીને બોલાવવી પણ ના ગમે પણ હવે શું કરે એના સામે જ તો માળો હતો. એનો માળો છોડીને જાય પણ ક્યાં ?

ઉનાળાની ઋતુ પૂરી જ થવા આવી હતી. હવે ચોમાસું બેસવાની તૈયારીમાં હતું એટલે હવે તો ચકલીની ચિંતા વધી ગઈ, હવે હું મારાં બાળકોને ખાવાનું શું ખવડાવીશ? બાળકોને એકલાં મૂકીને ખાવાનું લેવા કેવી રીતે જઈશ? એટલામાં એને વિચાર આવ્યો સામે તો પોપટભાઈ છે એમને કહીને જઈશ કે મારા બાળકોનું ધ્યાન રાખે. હું હમણાં જ ખાવાનું લઈને આવું છું પણ પોપટભાઈએ પણ એમ જ હા પાડી દીધી હા પાડવા ખાતર.

જ્યારે ચકલી આ બધું કહેતી હતી ત્યારે કાગડાની નજર ત્યાં પડી અને ત્યાં એ પણ વાત કરવા માટે પોપટભાઈ પાસે આવ્યા. એ આવે એ પહેલાં તો ચકલી ખાવાનું લેવા જતી રહી, જ્યારે કાગડાભાઈએ પોપટને કહ્યું શું કહેતી હતી ચકલી? તો પોપટે કાગડાભાઈને ખોટું કીધું. એવું કીધું કે જોવોને પોપટભાઈ આ કાગડો કેવો ગંદો રહે છે પોતાના માળામાં અને માળો એના કરતાં પણ ગંદો છે. કોણ જાણે એ કેવી રીતે રહેતો હશે. મને તો આવું જરાય ના ગમે. મને તો મારો માળો વ્યવસ્થાવાળો જોઈએ અને સુંદર જોઈએ આવા માળામાં તો કંઈ રહેવાતું હશે ? કાગડો તો આ સાંભળીને ગુસ્સે થઇ ગયો અને ચકલી આવે એની રાહ જોવા લાગ્યો. ક્યારે ચકલી આવે અને બદલો લઉં.

થોડી વાર પછી ચકલી આવી અને જેવી ચકલી એના માળાની અંદર જાય છે એવામાં ધોધમાર વરસાદ ચાલુ થઇ જાય છે અને થોડી વારમાં તો કાગડાનો માળો તૂટી જાય છે અને તે જલ્દીથી પોપટભાઈની મદદ લે છે પણ પોપટ મદદ કરવાની ના પાડી દે છે. પોપટ એવું કહે છે કે મારો માળો તો ખૂબ જ નાનો છે. આપણે બેઉ આ માળામાં સમાઈ નહિ શકીએ. પછી જ્યારે એ ચકલીબેનની મદદ માગવા જાય છે ત્યારે તે રાજી રાજી કાગડાભાઈને પોતાના માળામાં બોલાવી લે છે અને કહે છે કાગડાભાઈ મારે ચાર બાળકો થયાં એટલે મેં પહેલેથી જ માળો મોટો બનાવી લીધો હતો જેથી કરી ચોમાસાની ઋતુમાં પાણીની સમસ્યા ના નડે.

પછી તો ચકલી અને કાગડાભાઈની લાંબી વાત ચાલે છે અને પેલી પણ વાત બહાર આવે છે જે પેલા પોપટે ચકલી વિષે કહી હતી. ચકલી કહે છે કાગડાભાઈ મેં તો આવી કોઈ વાત તમારા વિષે કરી જ નથી. જ્યારે કાગડાભાઈને સત્યનું ભાન થાય છે ત્યારે ખૂબ જ અફસોસ થાય છે. ત્યારથી કાગડાભાઈને લાગ્યું કે કોઈની વાત ના સાંભળવી. જોયાજાણ્યા વગર કોઈના પર આંધળો વિશ્વાસ ના મૂકી દેવો.

# વિશ્વનો સૌથી સમૃધ્ધ સુલતાન

## અજબ ગજબ

■ ઈશાની

ઓઇલ-પેટ્રોલથી સમૃધ્ધ થયેલા દેશોમાં એક છે બ્રુનેઈ... આ બ્રુનેઇના સુલતાનની સમૃધ્ધિ વર્લ્ડ રેકોર્ડમાં અંકિત થઇ ચૂકી છે. 1990 સુધી વિશ્વની સૌથી સમૃધ્ધ વ્યક્તિ તરીકે બ્રુનેઇના સુલતાન હસનલ બાલ્કિયાહનું નામ હતું પણ બાદમાં બિલ ગેટ્સે તેનો સર્વોચ્ચ ધનવાનનો તાજ છીનવી લીધો હતો. જો કે આજે પણ આ સુલતાન 33,000 બીલિયન સંપત્તિનો માલિક છે. (1 બીલિયન= 10 લાખ રૂપિયા) છેલ્લાં 68 વર્ષથી બ્રુનેઈ પર રાજ કરતા આ સુલતાને 2007માં સત્તાના 50 વર્ષની ઉજવણી ખૂબ ધામધૂમથી કરી હતી. આ ઉજવણીમાં માઇકલ જેક્સને 17 મિલિયન ડોલરનો ચાર્જ કર્યો હતો. બ્રુનેઇના આ સુલતાન પાસે 7000થી વધુ લક્ઝરી કાર છે જેની કિંમત 38,000 કરોડ રૂપિયાથી વધુ થાય છે. આ કારોનું લિસ્ટ જોઈએ તો 640 રોલ્સ રોયઝ, 500 મર્સીડીસ, 552 ફેરારી, 380 બેન્ટલી, 209 BMW, 180 જગુઆર, 135 કોન્સેન્જ, 21 લેમ્બોર્ગીની, 11 એસ્ટન માર્ટીન અને 10 જેટલી અત્યાધુનિક અબજો રૂપિયાની અંગત કાર છે. પોતાની માલિકીનાં ત્રણ જેટ વિમાનો છે. જેમાંનું એક બોઈંગ 747-400 વિમાન 400 મીલિયન ડોલરની કિંમતનું છે અને જેને સોનાથી મઢવા માટે 120 મીલિયન ડોલર ખર્ચ્યા છે. 2018માં ગણતંત્ર દિવસ પર ભારતના મહેમાન બન્યા ત્યારે જાતે જંબો જેટ ચલાવીને આવેલા અને ખૂબ વિખ્યાત થયેલા. તેનો ભવ્ય મહેલ બે લાખ વર્ગ મીટરમાં ફેલાયેલો છે. જેમાં 1700 કમરા છે. 257 બાથરૂમ અને પાંચ સ્વીમીંગ પુલ છે. 1984માં બનેલ તેમના આ મહેલમાં કાર માટે 110 ગેરેજ છે. 200 ઘોડાઓ માટેનું સંપૂર્ણ એરકંડીશન વિશાળ ઘોડાર પણ છે. તેના મહેલનો ઘુમ્મટ 22 કેરેટ સોનાથી મઢેલો છે. મહેલમાં 30 જેટલા પાળેલા બેંગોલ ટાઇગર ફરતા હોય છે. અંગત પ્રાણી સંગ્રહાલયમાં જાતજાતનાં વિકરાળ પ્રાણીઓ પણ રાખેલા છે. 7000 કાર અને વિશાળ મહેલ સાથે આજે પણ બ્રુનેઇના સુલતાનના નામે વર્લ્ડ રેકોર્ડ કાયમ છે.



## હેપ્પી બર્થડે



નામ : શિવન્યા સાવંત
માતા : અશ્વિની સાવંત



નામ : હીયાન સાવંત
માતા : અશ્વિની સાવંત

## રસ્તો શોધો



## ટપકાં જોડો



DOT-TO-DOT

## શબ્દો શોધો



## તફાવત શોધો





# PUZZLE ZONE

ડૉ. ચંદ્રેશ જરદોશ

## SIGN GAME

Q 1

ખાલી જગ્યામાં આ સાથે જણાવેલ કોઈપણ સંજ્ઞા (+, - , ×, ÷) નો ઉપયોગ કરી સમીકરણ સાચું બનાવો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 1 | | 2 | | 3 | | 4 | = | 5 |
| 2) | 5 | | 6 | | 7 | | 8 | = | 31 |
| 3) | 2 | | 4 | | 6 | | 8 | = | 40 |

## CHANGE THE WORD

Q 2

આપેલા શબ્દોમાંથી દર વખતે એક અક્ષર બદલી નવો શબ્દ બનાવી છેલ્લો શબ્દ બનાવો.

| | | |
|---|---|---|
| T | E | N |
| | | |
| | | |
| P | A | D |

## CHHOTA SUDOKU

Q 3

આપેલા (9) ચોરસના સમૂહમાં 1 થી 9 ના અંકો એવી રીતે મૂકો કે દરેક વર્તુળની આજુબાજુના 4 ચોરસનો સરવાળો વર્તુળમાં દર્શાવેલા અંક જેટલો જ થાય. દરેક અંકનો ઉપયોગ માત્ર એક જ વખત કરવાનો છે કેટલાક અંકો ચોરસમાં આપેલા જ છે.

| | | |
|---|---|---|
| | | 5 |
| | 2 | |
| 8 | | |

(વર્તુળો: 15, 17, 17, 19)

## BROKEN WORDS

Q 4

નીચે આપેલા તૂટેલા શબ્દોને આપેલી ચાવીની મદદથી જોડીને વીજળીને સંબંધિત જુદા જુદા 7 શબ્દો બનાવો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| RE | GE | NN | PE | ECT | CO |
| CA | RC | CO | CH | CO | |
| OR | AM | UIT | SS | CI | |
| AR | MP | ILS | BLE | RE | |

| ચાવી | શબ્દો |
|---|---|
| 5 અક્ષર | 2 |
| 6 અક્ષર | 2 |
| 7 અક્ષર | 2 |
| 10 અક્ષર | 2 |

જવાબ
1. CABLE
2. COILS
3. AMPERE
4. CHARGE
5. CIRCUIT
6. CONNECT
7. COMPRESSOR

## જવાબો

Q 1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 1 | + | 2 | × | 3 | - | 4 | = | 5 |
| 2) | 5 | × | 6 | - | 7 | + | 8 | = | 31 |
| 3) | 2 | × | 4 | × | 6 | - | 8 | = | 40 |

Q 2

| | | |
|---|---|---|
| T | E | N |
| P | E | N |
| P | A | N |
| P | A | D |

Q 3

| | | |
|---|---|---|
| 4 | 3 | 5 |
| 6 | 2 | 7 |
| 8 | 1 | 9 |

(વર્તુળો: 15, 17, 17, 19)